ADFACTORS PR
Knowledge-driven communications

| Published Date: | 25 Jul 2018 | Publication: | Prabhat (Gujarati) |
|---|---|---|---|
| Edition: | Ahmedabad | Page No: | 3 |
| MAV/CCM: | 48902/34.93 | Circulation: | 65000 |

# TCS IT વિઝ ૨૦૧૮ અમદાવાદ એડિશનં ૧૦ ઓગસ્ટે યોજાશે

અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)એ આજે જાહેરાત કરી હતી કે, શાળાઓ માટે ભારતની સૌથી મોટી ટેક્નોલોજી ક્વિઝ TCS IT વિઝ ૨૦૧૮ અમદાવાદ એડિશન અમદાવાદમાં ૧૦ ઓગસ્ટને શુક્રવારે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબની પાછળ, એસ. જી. હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે. આ ક્વિઝમાં ધોરણ ૮ ધોરણ ૧૨ અભ્યાસ કરતાં શાળાનાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. દરેક સંસ્થા મહત્તમ ૮ ટીમ મોકલી શકે છે અને દરેક ટીમમાં બે બાળકો સામેલ હોય છે. ક્વિઝમાં ભાગ લેવાની કોઈ એન્ટ્રી ફી નથી.

TCS IT વિઝ ૨૦૧૮ ભારતમાં કુલ ૧૨ શહેરો - અમદાવાદ, બેંગલોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, ઈન્દોર, કોચી, કોલકાતા, મુંબઈ, નાગપુર અને પૂણેમાં યોજાશે.

એન્ટ્રી સંબંધિત સંસ્થા મારફતે ૩ ઓગસ્ટ, ૨૦૧૮ શુક્રવાર સુધી કે એ અગાઉ ક્વિઝ કોઓર્ડિનેટર, વ્હ ત્વિઝ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ગરિમા પાર્ક, પ્લોટ નંબર ૪૧, જીએચઓ સર્કલ નજીક, ગાંધીનગર - ૩૮૨૦૦૭ મોકલવાની રહેશે. વધારે વિગત મેળવવા માટે સંપર્ક કરોઃ ૦૭૯ ૬૬૭૧૨૬૦૫ / ૩૦૯૬. તમે ઓનલાઈન પણ રજિસ્ટર કરી શકો છોઃ www.tcsitwiz.com.

ક્વિઝ ફોર્મેટે લેખિત પ્રાથમિક રાઉન્ડમાં ટોચની છ ટીમને રિજનલ ફાઈનલ માટે પસંદ કરવામાં આવશે. ફાઈનલ માટે એક જ સ્કૂલની વિવિધ ટીમ પસંદ થશે તો સ્ટેજ પર દરેક સ્કૂલમાંથી ટોપ સ્કોરિંગ ટીમને જ બોલાવવામાં આવશે. રિજનલ ફાઈનલમાંથી વિજેતા ટીમને નેશનલ ફાઈનલમાં સ્થાન મળશે. ઈનામે જ્યારે ચાલુ વર્ષે રિજનલ ચેમ્પિયનને રૂ. ૬૦,૦૦૦ ગિફ્ટ વાઉચર મળશે, ત્યારે રનર્સ-અપને રૂ. ૪૦,૦૦૦ ગિફ્ટ વાઉચર મળશે તેમજ ખાસ ડિઝાઈન કરેલી ટ્રોફી અને મેડલ પણ આપવામાં આવશે. ૬ ફાઈનલિસ્ટને પણ વ્હ તરફથી વિવિધ ઈનામો મળશે, જેમાં જીમ બેગ, દશ્રૂરુપ૦ પેન ડ્રાઈવ સાથે બ્લુટૂથ સ્પીકર્સ અને વાયરલેસ આઉટડોર સ્પીકર્સ સાથે મલ્ટિફંકશનલ મ્યુઝિક ટોર્ચ સામેલ છે.